અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં
બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ વસાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-એસસીડબ્લ્યુ-૧૦૧૪-ન.બા.૮૮-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૮/૦૮/૨૦૧૪

વંચાણમાં લીધા-

(૧)નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તારીખ:-૬/૬/૨૦૧૪નો પત્રક્રમાંક:-અજાક/ગ-૧/૧/૨૦૧૪/૭૩૪૬

ઠરાવ:-

રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૯ થી ૧૨ વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહની આદર્શ નિવાસી શાળાઓ અંગેની યોજના અમલમાં છે. આ આદર્શ નિવાસી શાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવાની, જમવાની અને ભણવાની સગવડ આપવામાં આવે છે. હાલ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ૨૧ આદર્શ નિવાસી શાળાઓ મંજૂર થયેલ છે. આ આદર્શ નિવાસી શાળાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રહે છે. તેઓની હાજરી પૂરવા માટે હાલમાં રજીસ્ટર નિભાવવામાં આવે છે. પરંતુ હાલમાં ટેક્નોલોજીના સમયમાં હાજરીમાં ચોકસાઈ જાળવી શકાય તે માટે બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ વસાવવું જરૂરી છે. આ સિસ્ટમથી સેન્ટ્રલી લિન્ક પણ થઈ શકશે જેથી વડી કચેરીમાંથી પણ તેનું મોનિટરીંગ કરી શકાય છે. હાલમાં ૨૧(એકવીસ) આદર્શ નિવાસી શાળાઓમાં એક મશીનની કિંમત રૂ.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પૂરા) નો ખર્ચ થાય જે જોતા ૨૧(એકવીસ) આદર્શ નિવાસી શાળાઓ માટે કુલ રૂ.૨.૧૦/- લાખની વર્ષ ૨૦૧૪-૧૫માં નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૯ થી ૧૨ વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહની આદર્શ નિવાસી શાળાઓ માટે બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ વસાવવા બાબતની વર્ષ ૨૦૧૪-૧૫માં કરવામાં આવેલ જોગવાઈ રૂ. ૨.૧૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) ભારત સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) આ મંજૂરી અંગે કરવાની થતી મંજૂરી અન્વયે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમનો અસરકારક વપરાશ થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

આ અંગેનો થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી ક્રમાંક ૯૫-અનુસૂચિત જાતિ પેટાયોજના, મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-બીસીકે-૨૮. આદર્શ નિવાસી શાળાઓમાં બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ વસાવવા બાબત સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(દિપલ હડીયલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીની નાયબ સચિવશ્રી
- મા. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત),જિલ્લા પંચાયત(નિયામકશ્રી મારફત)
- બજેટ શાખા(સા.ન્યા.)/ - પસંદગી ફાઈલ.